ઉ

જીલ્લા કક્ષાના ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન નડીયાદ, જી.ખેડાના મકાન બાંધકામ માટે નકશા અને અંદાજોને આધારે સુધારેલ વહીવટી મંજૂરી આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૦/૪/૨૦૧૫.

વંચાણે લીધાઃ

(૧) સા.ન્યા.અને અ.વિ.ના તા.૩૧-૮-૨૦૧૨ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ

(૨) માર્ગ અને મકાન વિભાગના તા.૩૧-૧૨-૨૦૧૩ ના પત્ર ક્રઃ બીડીજી- ૪૩-૨૦૧૩ -૩૪૧૧-ન

(3) સા.ન્યા.અને અ.વિ.ના તા.૧૬-૧-૨૦૧૪ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ

(૪) માર્ગ અને મકાન વિભાગના તા.૩૦-૧૨-૨૦૧૪ ના પત્ર ક્રઃ બીડીજી- ૪૩-૨૦૧૩ -૩૪૧૧-ન

ઠ રા વઃ

જીલ્લા કક્ષાએ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, નડીયાદ, જી.ખેડા ખાતે ભવનના બાંધકામ માટે સરકાર ધ્વારા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-(૧) ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. આમુખ ક્રમ-(૨) માં માર્ગ અને મકાન વિભાગના તા.૩૧-૧૨-૧૩ના દર્શાવેલ પત્રથી સુધારેલ નકશા-અંદાજોને રૂ.૧૧૯.૩૩ ને ક્રમ-3 ના તા.૧૬-૧-૨૦૧૪ ના ઠરાવથી સુધારેલ દરખાસ્તને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. પરંતુ ક્રમ-૪માં માર્ગ અને મકાન વિભાગના તા.૩૦-૧૨-૨૦૧૪ ના દર્શાવેલ પત્રથી સુધારેલ નકશા અંદાજોની દરખાસ્ત રજુ કરેલ જે મુજબ સુધારેલ દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

જીલ્લા કક્ષાના ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, નડીયાદ, જી.ખેડા ના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરેલ રૂ.૧૬૪.૮૭ લાખ (અંકે રુપિયા એક કરોડ ચોસઠ લાખ સત્યાસી હજાર પુરા) ના નકશા-અંદાજોને સુધારેલી વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૪-૧૫ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) રજુ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૪) પ્રસ્તુત કામે "Tender processing" બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ- ૧૦૨૦૦૫- ૧૪૦૭-છ, તા.૨૨-૧૧-૨૦૦૬ અન્વયે "E-Tendering" બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સૂચનાઓનું ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) મંજુર કરવામાં આવેલ રકમથી ખર્ચ વધવા ન પામે તેની તકેદારી સબંધિત કચેરીએ રાખવાની રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર- ૪૨૨૫, અનૂસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર – ૦૩- પછાતવર્ગોનુ કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર- (૦૧) – બીસીકે-૪૯ – ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૮-૪-૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.સી.શાહ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીયાદ, જી.ખેડા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, નડીયાદ, જી.ખેડા.
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત નડીયાદ, જી.ખેડા
સીલેકટ ફાઇલ.